





દુભાઇ દલિત લાગણી, કોળીનો સાથ તૂટે છે,
આવ્યું પરિવર્તન પટેલોમાં, સંબંધ ટૂટે છે
કૂટે માથું છેલ્લી ઘડી સુધી કર્મયોગીઓ પણ -
ખૂટે વિશ્વાસ જીતનો, હવે પરસેવો છૂટે છે..




ઘરના ભૂવા,
ડાકલાં વગાડીને -
દે ક્લીન-ચીટ!

ચૂંટણી મુદ્દે
સળગાવશે શાંતિ -
રાજકારણ..

## ચિંતન

**અવશ્યં ભાવિ ભાવાનામ્ પ્રતિકારો ભવેદ્દ યદિ ।**
**તદ્દા દુઃખૈર્ન લિપ્યેરન્ નલરામયુધ્ધિષ્ઠિરાઃ ॥**

'નિશ્ચિત રીતે જે બનવાનું છે તેનો પ્રતિકાર જો શક્ય હોય તો નળરાજ, ભગવાન રામ અને ધર્મરાજ યુધ્ધિષ્ઠિર વગેરે સમર્થ એવા લોકો દુઃખથી ન પીડાત અર્થાત્ કર્મયોગ પ્રમાણે જે બનવાનું છે તે બને છે તેનો વિરોધ-સામનો કોઇ કરી શકતું, ગમે તેટલા શક્તિશાળી સમર્થ કેમ ન હોય! જે પીડા-દુઃખ-આપત્તિ તેને ભોગવવાનાં હોય તે ભોગવવાં જ પડે ભલે એ મહાપુરૂષ કેમ ન હોય! કર્મ પ્રમાણે સુખ-દુઃખ ભોગવવાં જ પડે.

એવી જ રીતે તુલસીદાસજીએ બાલકાંડમાં - ચોપાઇ (૯૦/૪)માં કહ્યું છે કે સિય રઘુવીર કિ કાનન જોગૂ । કરમ પ્રધાન સત્ય કહ લોગુ ॥ સીતાજી અને રામ શું વનવાસને પાત્ર હતાં? આવાં પવિત્ર-સંસ્કારી પરમાત્માઓને પણ વનવાસ દુઃખ ભોગવવું પડ્યું તેથી જ સિધ્ધિ થાય છે. આ સંસાર કર્મપ્રધાન છે અને તે ભોગવવા સુખ-દુઃખ આવતાં જ રહે અને ભોગવવાં જ પડે.

ચોપાઇ ૯૧/૨માં લક્ષ્મણજી પણ કહે છે, કાઉ ન કોઉ સુખ-દુઃખ કર દાતા । નિજ કૃત કરમ ભોગ સબુ ભ્રાતા ॥ હે ભાઇ! નિષાદ રાજ - કોઇ કોઇને સુખ કે દુઃખ આપતું નથી પરંતુ સૌ પોતે-પોતાના ભાગ્યમાં આવેલ, કર્મ અનુસાર સુખ-દુઃખ ભોગવવાં જ પડે છે.

## સુવિચાર

- જે તકલીફ વગર ફાયદો મેળવવા જાય છે, એને ફાયદો મળ્યા પછી તકલીફ થાય છે **- ફ્રાંસિસ બેકન**
- સંતાન માત્ર વંશવૃધ્ધિનું જ પ્રતીક નથી પણ સાંસ્કૃતિક વારસાને વહન કરનાર સાતત્યનું પણ પ્રતીક છે **- ડો. નરેશ વેદ**
- 'ફરજ' એ એક એવી બાબત જેના આપણે ખૂદ દૂર રહીએ છીએ પણ બીજાની પાસે એની ચૂસ્ત અપેક્ષા રાખીએ છીએ **- એસ. ભટ્ટાચાર્ય**
- પોતાનું જ કામ કરવું એ આસક્તિ છે, બીજાનું કામ કરવું એ સંસ્કૃતિ છે અને ભગવાનનું કામ કરવું એ ભક્તિ છે **- પાંડુરંગ આઠવલે**
- દુઃખીઓ તરફ દયા દર્શાવવી એ માનવોચિત છે પણ તેમના દુઃખનું નિવારણ કરવું એ દેવોચિત છે **- હોરેસમેન**
- સંસાર તો એક પુલ છે તેના પરથી પસાર જ થવાય તેના પર ઘર ન બંધાય **- જિસસ ક્રાઇસ્ટ**
- ધરતી પર 'ધર્મ' છે છતાં આજે આપણું આટલું બધું પતન થયું છે જો ધર્મ હોત જ નહીં તો આપણા શા હાલ હોત! **- ફ્રેંકલીન**

## બોધ કથા

વેપારીને થોડીક ખોટ જાય, લેણાં થાય તો આત્મહત્યા કરે, વિદ્યાર્થીને પાંચ માર્ક ઓછા મળે તો આત્મહત્યા કરે! જીવનમાં ધીરજ અને સંઘર્ષનું મહત્ત્વ જે લોકો નથી સમજતાં તે જ આવાં અક્કલ વગરનાં, મૂર્ખામી ભર્યાં પગલાં ભરે છે.

મહાન સંગીતકાર નૌશાદ - શાસ્ત્રીય રાગો પર આધારિત ઘણાં ખૂબ પ્રખ્યાત ગીત-સંગીત આપ્યાંને પહેલાં સંગીતકાર તરીકે એમને ખૂબ જ સંઘર્ષમય જીવન જીવવું પડ્યું હતું.

'બૈજુ બાવરા'નું સંગીત શ્રેષ્ટ પૂરવાર થતાં તેની સિલ્વર જ્યુબીલી, સમયે એક હોટલમાં તેમનું સન્માન ગોઠવાયું.

મુંબઇનો ટ્રાફીક અને 'બૈજુ બાવરા'ના કલાકારો અને સંગીતકાર નૌશાદને જોવા ખૂબ જ ભીડ હતી. તેમાંથી માર્ગ કાઢીને આવતાં નૌશાદ અર્ધો કલાક મોડા પડ્યાં. કોઇ આ વાતની ટકોર ભાષણમાં કરી. એ હોટેલની સામે જ 'ઝૂંપડપટ્ટી' હતી તેમાં જ નૌશાદ શરૂઆતના પચ્ચીસ વર્ષ રહ્યા હતા અને જીવન સંઘર્ષ કર્યો હતો. સન્માનના પ્રત્યુત્તરમાં આ વાત કરતાં નૌશાદે કહ્યું - જનાબ સામેની ફૂટપાથ પરથી ઝૂંપડપટ્ટીમાંથી રસ્તો ક્રોસ કરી આ હોટલમાં પહોંચતાં મને પચ્ચીસ વર્ષ થયાં. તમને ત્રીસ મિનિટમાં મોડું થયું લાગે છે?!

# મમ્મી હું પણ રંગરંગીલી દુનિયાને જોવા માગું છું, મને પણ મારા પછી આવનારા મારા નાના ભાઇને રાખડી બાંધવાની હોંશ છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### કાવ્યસેતુ : યારો, માપમાં રાખો!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

'દધિ' કહે છે યારો, બધું જ માપમાં રાખો,
હશે સઘળું માપે, નિશ્ચે અમૃતફળ ચાખો,
આટામાં લૂણ ખપતું હોય તેટલું ખપે,
જો મૂઠ્ઠીએ ધીબશો; પછી ઉકરડે નાખો!
અતિ કડવા થાશો તો, લોકો નાખશે થૂંકી,
થયા ખૂબ ઝીણા તો, ફૂંકીને મારશે ફાકો!
અતિ મીઠડા થાતાં, ચાવીને ફાઈ જશે લોકો.
કામ-લોભ, અરે! સ્નેહને પણ માપસર રાખો!
અતિશય મીઠાશમાં પડે જીવાત જલ્દી,
મિતિમાં રહીને યારો, અતિથી દૂર ભાગો!
'અતિશય' હરદમ નોંતરે છે વિનાશ,
તેથી જ યારો, 'અતિ'ને ત્યજી, માપમાં રાખો.
આ નથી શિખામણ; 'દધિવીતી' ધ્યાનાં રાખો.
છું ખારોઉસ તેથી જ, મારૂં જળ કયાં ચાખો?
નોંધ :- 'દધિવીતી' - દરિયાને - સાગરને વીતેલી.

### દર્શન દો (પ્રતિ કાવ્ય) : હાસ્ય વ્યંગ

**- ભર્ગદેવ ભટ્ટ**

દર્શન દો સંસદકુમાર મોરી અખિયાં પ્યાસી રે,
પાંચ બરસ તું કયું ન આયા લોકસભા વાસી રે
ગાંવ ગાંવ ઢૂંડી મૂરત તેરી ફિર ભી ન દેખી સુરત તેરી,
યુગ બીત ને આયા કભી તું દિલ્હી વાસી રે... દર્શન
દ્વાર સંસદ કે જબ તું પહુંચે પંચમ સ્વરમેં વિપક્ષ બોલે,
અંધા કંધે લંગડા બૈઠકર પહુંચે કાશી રે... દર્શન
બિનપાની કૈસે પ્યાસ બુઝાઉં, આપકો મૈં કૈસે સમજાઉં,
આંખ મિચલી છોડો અબતો સંસદ કે વાસી રે... દર્શન
વોટોં કે બલ સત્તા લેલી અબ રખવારે કાલેધન કે,
તેરે ભોજનમેં સબકુછ આવે, હમરે દિન ઉદાસી રે... દર્શન
દ્વાર ખડા કબસે મતદાતા, મંગે તુમસે દર્શ તુમ્હારા,
'બિન્દાસ'કી યે બિનતી સુન લો ભોગવિલાસી રે... દર્શન
લાજ ન જાય તેરી ચૂનાવ મેં, કરો ન તુમ આનેમેં દેરી
દિલ્હી લોક છોડકર આઓ ગગનવિહારી રે... દર્શન

**(મૂળ કવિની ક્ષમાયાચના સહ)**

### ● સમાચાર સેતુ

### ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ દ્વારા કવિશ્રી પ્રવીણ ગઢવીના 'નિષાદ' કાવ્યસંગ્રહનો લોકાર્પણ યોજાયો

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદના પ્રમુખ અને પૂર્વ સનદી અધિકારી, સમગ્ર ભારતભરના અગ્રણી દલિત સાહિત્યકાર, કવિશ્રી પ્રવીણ ગઢવીના આઠમા કાવ્યસંગ્રહ 'નિષાદ'નો વિમોચન સમારોહ તાજેતરમાં 'નિરીક્ષક' નાં તંત્રી અને જાણીતા વરિષ્ઠ પત્રકાર શ્રી પ્રકાશ ન. શાહના અધ્યક્ષ પદે તેમજ 'નયામાર્ગ' ના તંત્રીશ્રી ઈન્દુકુમાર જાનીના અતિથિ વિશેષપણા હેઠળ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી દ્વારા તાજેતરમાં આવ્યો હતો.

વિમોચન સમારોહમાં પ્રારંભે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના મહામંત્રી શ્રી હરીશ મંગલમે અકાદમીની પ્રવૃત્તિઓ, અતિથિનો પરિચય, કવિશ્રી પ્રવીણ ગઢવીની કાવ્યસાધના, દલિતો અને દલિત સાહિત્ય પ્રત્યેની તેઓની પ્રતિબધ્ધતા તેમજ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો અને સર્જકો અને શ્રોતાઓને ઉષ્માભર્યો, હેતાળવો આવકાર આપ્યો હતો.

'નિષાદ' કાવ્ય સંગ્રહમાં લોકાર્પણ મંચસ્થ મહાનુભાવો તેમજ વિદ્વાન વક્તાઓનું સર્વશ્રી હરીશ મંગલમ, અરવિંદ વેગડા, મધુકાંત, 'કલ્પિત', ચંદ્રાબેન શ્રીમાળી, ભરત કવિ, શિવદાન ગઢવી અને આસવ ગઢવી દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

કવિશ્રી પ્રવીણ ગઢવીના કાવ્યસંગ્રહ 'નિષાદ' ના કાવ્યકૃતિઓનો સુંદર રસાસ્વાદ અને વિદ્વતાસભર વિસ્તૃત અવલોકન ગોધરાની ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાતી સાહિત્યના જાણતા કવિ, વિવેચક, પ્રો. વિનોદ ગાંધીએ પ્રસ્તુત કરીને કવિનું તેમજ શ્રોતાઓનું મન મોહી લીધું હતું. કવિશ્રી પ્રવીણ ગઢવીના ચારક દાયકા જૂના અંગત - આત્મીય મિત્ર અને જાણીતા દલિત સાહિત્યકાર શ્રી નીરવ પટેલે પણ 'નિષાદ' કાવ્યસંગ્રહનું વિવેચન કર્યું હતું. અવસરના અતિથિવિશેષ અને 'નયા માર્ગ' ના તંત્રી શ્રી ઈન્દુકુમાર જાનીએ પણ કવિશ્રી પ્રવીણ ગઢવીની રચનાઓનો આસ્વાદ કરાવી, કવિની દલિત ચેતના-દલિત પીડાને ઉજાગર કરવા માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. 'નિષાદ' ના લોકાર્પણ સમારોહના અધ્યક્ષ તરીકેનું અધ્યક્ષીય ઉદ્‌બોધન આપતા શ્રી પ્રકાશ ન. શાહે કવિ શ્રી પ્રવીણ ગઢવીની કાવ્યયાત્રાને, સર્જનયાત્રાને હૃદળનાં ઉમળકાથી વધાવી, હેતાળવો આવકાર આપ્યો હતો. ગુજરાતના વરિષ્ઠ અગ્રણી પત્રકાર અને 'નિરીક્ષક' ના વિચારપત્ર દ્વારા સમગ્ર ગુજરાત, દેશ અને વિદેશમાં પણ જેની કલમના કામણે વ્યાપક સ્વીકૃતિ અને આદર પ્રાપ્ત કર્યો છે તેવા શ્રી પ્રકાશ ન. શાહે પોતાના વિદ્વતાપૂર્ણ, અભ્યાસપૂર્ણ વક્તવ્યથી સહુને ભાવવિભોર કર્યા હતા.

'નિષાદ'ના વિમોચન સમારોહનું સંપૂર્ણ - સફળ સંચાલન 'પાટનગર પ્રકાશ'નાં તંત્રી ભરત કવિએ તેમજ કાર્યક્રમનું સમાપન ડૉ. દિનુ ભદ્રેસરિયાએ કર્યું હતું.

ઉપરોક્ત સમારંભમાં ગુજરાત રાજ્યનાં મહેસુલ વિભાગનાં અગ્રસચિવ શ્રી વસંતભાઇ ગઢવી, પૂર્વ સનદી અધિકારી શ્રી પી.કે. વાલેરા, રાજકોટના માહિતી ખાતાનાં સંયુક્ત માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમાર, રાજ્યનાં પૂર્વ નાયબ સચિવ કવિશ્રી રમણલાલ વાઘેલા, 'સંદેશ'ના કટાર લેખક, જાણીતા ચારણી સાહિત્યકાર શ્રી શિવદાન ગઢવી, ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી કૈલાસદાન ગઢવી, પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પ્રભુદાન બી. ગઢવી, જીઆઇડીસીના પૂર્વ રીજીયોનલ મેનેજર શ્રી રવિદાન મોડ, કવિશ્રી કિશોર જીકાદરા, સાહિત્યકાર નટવર હેડાઉ 'વન વિહારી', ગુજરાત સરકારના પૂર્વ અધિકારી મધુકર ચૌધરી, જાણીતા અગ્રણી દલિત સાહિત્યકાર શ્રી ભી.ન. વણકર અને કવિ 'સાહિલ' પરમાર, સાહિત્યના અનેક સર્જકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં સુંદર - સફળ આયોજન માટે ગુજરાત દલિત સાહિત્ય સભાનાં મહામંત્રી શ્રી હરીશ મંગલમ્, મધુકાંત કલ્પિત, અરવિંદ વેગડા અને ડૉ. દિનુ ભદ્રેસરિયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ● લઘુકથા સેતુ : અભયદાન

**- નટવર હેડાઉ**

'મમ્મી આજે તું હૉસ્પિટલમાં કેમ આવી છે?' તેના ગર્ભમાંથી અવાજ આવ્યો.

'હું પણ સ્વસ્થ છું. અને તું પણ સ્વસ્થ છે.'

'સાધારણ ચેકઅપ માટે' તેના મોંએથી સ્વગત નીકળી ગયું.

'પણ મમ્મી મને તો કંઇક શંકા લાગે છે... શું મમ્મી તું મને પણ તારી જેમ માં બનવાની તક આપીશ?'

'.....'

મમ્મી હું પણ રંગરંગીલી દુનિયાને જોવા માગું છું. મને પણ મારા પછી આવનારા મારા નાના ભાઈને રાખડી બાંધવાની હોંશ છે. કેમ કે, બહેનને હાથે રાખડી બંધાવવા ભગવાન ભાઈને જરૂર મોકલે છે. હું તો તારી પાસે મારૂં જીવનદાન માંગુ છું. જિંદગીભર બીજું કંઇ જ નહીં માગું. જે મળશે એ ખાઈ લઈશ. જેવા આપશો તેવાં ઉતરેલાં કપડાં પહેરી, મારૂં તન ઢાંકીશ! તારા ખોળામાં રમવાની મને એક, તક આપ. છમ... છમ... ઝાંઝર પહેરી ઘરના આંગણને ગૂંજતું કરવા ને મારી નાની પગલીઓ પાડવાનો મારો હક્ક તું છીનવી ન લઈશ. મમ્મી હું તારો જ અંશ છું. મને અલગ ન કર... મારા જીવનની નાનકડી જ્યોત તારા વિચારે જ ટકી છે મમ્મી!

ટપ... ટપ... આંસુ તેના પેટ પર પડવા લાગ્યાં. તેની સાડી ભીંજાવા લાગી. સાડીના છેડાની આંખો લુંછતી એ હોસ્પીટલથી ઘર તરફ પરત નીકળી પડી!

### ● હાસ્ય - તરંગ સેતુ : દાંત કાઢવાથી બોખા ન થવાય!

**- અશ્વિનકુમાર એસ. પટેલ**

અભિષેક : 'મા' તેના બાળકને શા માટે તેડે છે?
નિશા : કારણ કે, બાળક તેની માને તેડી શકતું નથી.

● ● ●

અંગદસિંઘ : કોની પાસે મોબાઇલઘર હોય છે?
નિશા : કાચબા પાસે

# ચાલો આપણે નીચેનાં 'છ' જીવનમંત્રોનો જાપ કરીએ અને પ્રભુપદની પ્રાપ્ત કરીએ

## 'હથોડી અને ટાંકણું'

- હર્ષદરાય ઉપાધ્યાય

એક જગાએ મારા ધ્યાન પર આવ્યું કે માણસને બોલતાં શીખતાં લગભગ બે વર્ષ થયાં પરંતુ શું બોલવું - કેટલું બોલવું અને કયારે બોલવું તે શીખતાં આખું જીવન ઓછું પડે છે. અરે, સમગ્ર જીવન પર્યંત આટલું પણ તે શીખી શકતો નથી. અને માત્ર અફસોસ વ્યક્ત કર્યા કરે છે, અને નિષ્ફળતાઓ અને સમસ્યાઓ વિષે ચર્ચા કર્યા કરે છે. આપણે જો જીવનમાં માત્ર થોડાક જ શબ્દો ને હૃદયથી સમજીને બોલીએ તો કદાચ વિસ્મયકારક પરિણામ આવશે. પણ આ શબ્દો બહુ અઘરાં છે. મતલબ કે, અહંકાર, અભિમાન, 'હું' આ બધું ભારે નડતર રૂપ હોય છે. જીભને બોલવાં જ દેતાં નથી. છતાં તાકાત અજમાવી જરા બોલી જુઓ અને પછી આવશે સુંદરમાં સુંદર પરિણામ.

**● છ શબ્દો : "મારી એ ભૂલનો હું સ્વીકાર કરું છું."**

ઉપરના માત્ર છ શબ્દોના ઉચ્ચારણથી કંઇ કેટલાય વિકટ પ્રશ્નોનો ઉકેલ હાથ વગો થઇ જશે. આપણા જેવા ઉંમરના માણસો આગળ, વડીલો આગળ કે બૉસની સમક્ષ કદાચ હિંમત રાખી બોલી શકાય છે. પરંતુ આપણાથી ઉંમરમાં કે હોદ્દામાં નાના હોય ત્યારે બોલવાની હિંમત એ દાદ માંગી લે છે. નથી જ બોલી શકાતું. જીભ ઉપર જાણે તાળું લાગી જાય છે. હા, મન કદાચ સ્વીકારે પણ બોલવું ખરેખર અઘરૂં હોય છે. અહંકારી મન આવું જ કરવા જ દેતો નથી. તરત બોલશે જા... જા... હું શેની મારી ભૂલ સ્વીકારૂં? એમાંય વળી સાસુ-વહુ વચ્ચે આમ હોય તો... તો... શક્ય જ નથી. સાસુનું મન લવારો કરશે, 'અરે, આજકાલની આવેલી આગળ હું શેની મારી ભૂલ સ્વીકારૂં? હું એને મારે ઘેર લાવી છું, એ મને લાવી નથી.' વગેરે વગેરે સંવાદ થશે? પણ આ શબ્દો - નથી ઉચ્ચારાતા. જરા પ્રયત્નો કરી જુઓ ને?

**● આવું જ છે બીજા પાંચ શબ્દોનું : 'તમે એક સારૂં કામ કર્યું'**

થોડુંક ઉપરનાં કરતાં સરળ લાગતું આ પાંચ શબ્દોનું ઝૂમખું છે તો સરળ પણ અઘરૂં પણ છે. બીજાના વખાણ કરવાં થોડાક તો અઘરાં છે. કહેવાય છે કે, વખાણ તો પ્રભુને પણ વહાલાં હોય છે. મોટે ભાગે મેં કર્યું, હું કરૂં છું, મારા વગર શક્ય જ ન હતું. આવાં વાક્યો સહેલાઈથી બોલાય છે. અરે! અધિકાર ન હોય તો પણ આપણે કહી એ જ છીએ. પેલી કહેવત છે ને કે, 'મેં કર્યું, મેં કર્યું



એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

આપણે જયારે બીજાના કામને અને સહકારને સાચ્ચા મનથી આ શબ્દો દ્વારા અભિનંદીશું ત્યારે સમજવાનું કે જીવનમાં સફળ અને આનંદમાં રહેવાનો કિમીયો હાથ લાગી ગયો છે.

**● હવે ચાર શબ્દો : 'તમારો શો અભિપ્રાય છે'**

વાંચતા લાગે કે ઓ... હો! આ તો સાવ સરળ છે. પણ જરા યાદ કરવા પ્રયત્ન કરો કે તમે તમારા કાર્યમાં આ ચાર શબ્દો છેલ્લે કયારે બોલ્યા હતા? કદાચ યાદ નહીં આવે. હૈયે હશે જ પરંતુ હોઠે લાવવા અઘરા છે. અન્યનો અભિપ્રાય લેવો એટલે જાણે કે પોતાને તે કાર્ય અઘરું અથવા મુશ્કેલ લાગે છે તેમ માનવું. એમાંય વળી, ઉપલો અધિકારી નીચેના અધિકારી ને કર્મચારીને તો ભાગ્યે જ આવું પૂછી શકે છે. વડીલો તેમનાથી નાની ઉંમરના ને આવું પૂછતાં મેં લગભગ નથી સાંભળ્યા. આપણાથી નાનાને વળી શું સમજણ પડે? તેમને તો વળી પૂછવાનું હોતું હશે? આવું 'ઈગોઈસ્ટ' વર્તન બાજુ પર મુકી આ ચાર શબ્દો વાપરી જુઓ. કદાચ 'મોટાં તાંબાની નાની ચાવી' જેવું ઉપયોગી થઈ પડશે.

**● ત્રણ શબ્દો : 'તમને ગમે તો'**

આ તો બિલકુલ બોલી જ ન શકાય તેવાં શબ્દો છે. તેવું તમારું મન બોલી ઉઠશે. બીજાને ગમે તેવું કરવું કે સ્વીકારવું એ તો સંભવ જ નથી. મને ગમે તે હું કરીશ એવું સૌ વિચારે છે - વર્તે છે અને સમજે પણ છે. આ સમજ યોગ્ય નથી. જીવનમાં સુખ અને શાંતિથી સાચી પ્રાપ્તિ માટે આ અતિ મહત્ત્વની બાબત છે. બીજાની વાતનો સ્વીકાર કરવો એટલે પારકાને પોતીકું બનાવવાની કળા. ઘરથી માંડી બહારની દુનિયામાં, ધંધા કે વ્યવસાયમાં બીજાની વાતનો યથાયોગ્ય માત્રામાં સ્વીકારવી એ સફળતાથી શ્રેષ્ટ કળા છે પોતાનું કામ સામો માણસ આનંદથી અને શ્રેષ્ઠ રીતે પાર પાડી આપે તેવું કરવા આ વાક્ય રામબાણ સાબિત થશે. તમારું ધાર્યું થશે અને સામાને લાગશે કે મે પૂછીને થયું છે. બસ, અજમાવી જૂઓ પછી સફળતા તમારાં હાથમાં હશે.

**● બે શબ્દો : 'તમારો આભાર'**

બહું વ્યાપ ધરાવતો આ શબ્દ સહજ છે. અંગ્રેજીમાં થેંક યુ એ સહજ શબ્દ છે. તમે કહેશો આમાં શું? આ તો અમે વારંવાર બોલીએ છીએ. પણ થોભો. વિચારો અને પછી સમજો કે 'તમારો આભાર' એટલે શું. માત્ર હોઠ બોલે અને કાન સાંભળે એ થઇ ઔપચારિકતા. પણ અંતઃકરણ પૂર્વક આવો આભાર માન્યો છે ખરો?

મહત્ત્વની સફળતા કે કાર્યમાં મદદરૂપ થનાર નાનામાં નાના વ્યક્તિને હૃદયપૂર્વક આંખથી આંખ મિલાવી વિન્રમતાથી આવું બોલ્યા છો ખરા? સમારંભોમાં છેલ્લે તમારો ખૂબ ખૂબ આભાર એવું કહેવાય છે પરંતુ તેના ઉંડાણમાં વિચાર્યું છે? માત્ર શબ્દો કહેવાઈ જાય માટે કહેવા અને હૃદય સુધી પહોંચે તેમ બોલવા તે બંનેમાં તફાવત છે અને છેલ્લે...

**● માત્ર એક શબ્દ : 'આપણે'**

એક શબ્દ એટલે જાણે કે રાઈનો કણ. સમજવા જેવું છે. આ એક શબ્દ 'આપણે' એ સૌથી વજનદાર ઉચ્ચાર વાળો શબ્દ છે. સામાન્ય રીતે આપણે પ્રથમ પુરૂષ એક વચનમાં એટલે કે 'હું', 'મેં', 'મારાથી જ' એવું એવું બોલવામાં લગીરે વાર કરતાં નથી. પરંતુ તમે મેળવેલ સફળતા કે પ્રશંસાપાત્ર કામગીરીના ભાગીદાર બધાને બનાવી શકો છો? આપણે આ કર્યું અથવા આપણા સૌની આ પ્રાપ્તિ છે તેવું બોલાતું નથી. મારૂં મારૂં આગવું અને તારૂં મારૂં સહિયારૂં એવો ઘાટ છે. પરંતુ જ્યારે વ્યક્તિ મારામાંથી આપણામાં પરિવર્તન પામશે ત્યારે જ વિશ્વ રહેવા જેવું બનશે. મારૂં છોડી આપણું અપનાવવામાં જ મહાનતા રહેલી છે. ચાલો આજથી ઉપરનાં 'છ' જીવનમંત્રોનો જાપ કરીએ અને પ્રભુપદની પ્રાપ્ત કરીએ.

છેલ્લે, **"માનવ મટી હું બનું વિશ્વ માનવી."** એક વિરાટ કદમ.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૬ઠી ઓક્ટોબર



● ખગોળ ભૌતિક વિજ્ઞાનના વિશ્વમાન્ય પંડિત ડો. મેઘનાદ સહાની જન્મજયંતિ.

ઇન્સ્ટીટ્યુટ ઓફ ન્યુકલીયર ફિઝિક્સના સ્થાપક. ૧૬-૨-૧૯૫૬માં અવસાન થયું થર્મલ આયોનાઇઝેશન ઓફ ઓલિમેન્ટ્સ, સિલેક્ટિવ રેડીએશન પ્રેશર - અગ્નિનાં સપ્તરંગી કિરણઓ, સૂર્યના વર્ણપટલની કાળી રેખાઓ મહત્ત્વના સંશોધનો હતો.



● કવિ ટેનિસનનો જન્મદિન ૧૯૮૨.

● વડાપ્રધાન આઇ.કે. ગુજરાલ સૌપ્રથમ દક્ષિણ આફ્રિકાની મુલાકાતે ગયા.

● ૧૮૯૨ - ખાદીના રાજા - વિઠ્ઠલદાસ જેરાજાણીનું મુંબઇણાં અવસાન.

● ૧૯૩૫ - ઉરણથી ગેટ વે ઓફ ઇન્ડિયા - સુધીનો દરિયો સૌ પ્રથમવાર તરનારા દામોદર પાંડસરે સફળ.

# 'ક-રોડ' ફ્લેટ ધારકો જરૂર કરોડપતિ બની જશે અમિતાભ બચ્ચનની હોટ સીટ પર બેઠા વગર જ!

## હળવાશની ક્ષણોમાં ! કૌન બનેગા 'ક-રોડ' પતિ !

**- ચિત્રસેન શાહ**

ગાંધીનગરમાં અમે 'છ' રોડ પર રહીએ છીએ. કરોડપતિ બનવા માટે 'જ' રોડ પર જવા અમારા હાથની રેખામાં રાજયોગ નથી! અને 'ક-રોડ પતિ' બનવા 'ક' રોડ પર જવાની અમારી તૈયારી નથી! તેથી હાલ પૂરતું તો કરોડપતિ બનવાની અમારી ઈચ્છાને અમે દબાવી દીધી છે! પરંતુ તેમ છતાં કરોડપતિ બનવાના 'સ્ટેપીંગ સ્ટોન' તરીકે 'ઘર બેઠાં લખપતિ બનો'નો રસ્તો અમને સરળ દેખાય છે! ઇલેક્ટ્રીસીટીની જેમ જ માણસો પણ હંમેશાં ઓછા Resistance વાળા રસ્તા જ પસંદ કરતાં હોય છે!

અમે પણ તે રસ્તો પસંદ કર્યો!

'કૌન બનેગા કરોડપતિ' નાં 'ઘર બેઠાં લખપતિ બનો' નાં જેકપોટ પ્રશ્ન તમને સોફામાં બેઠાં બેઠાં, પોપકોર્ન ખાતાં ખાતાં અને ટી.વી. જોતાં જોતાં લખપતિ બનાવી શકે છે!

અમે જેમાં ભાગ લેવાનું નક્કી કરેલ તેનો જેકપોટ પ્રશ્ન આ હતો.

નીચે લખેક વ્યક્તિઓમાંથી કોની પસંદગી પ્રમાણમાં સૌથી વધારે ઇચ્છનીય ગણાય?

આ રહ્યા તેના ચાર ઓપ્શન -

A - સેકડો નિર્દોષોના જાન લેનાર મુંબઇ હુમલાનો આતંકવાદી કસાબ

B - હજારો નિર્દોષોની કતલ કરનાર અને સંસદ પરના હુમલોનો ગુન્હેગાર અફઝલ ગુરૂ.

C - અસામાજિક કે ડોન ટાઇપના ગુન્હાહીત બેકગ્રાઉન્ડ ધરાવનાર બે-બાંચ વ્યક્તિઓને પ્રેકટીકલ ઇન્સ્ટંટ સજા આપીને રાષ્ટ્રનું હિત જોનાર 'જાં-બાઝ' પોલીસ ઓફીસરો.

D - કોઇ નહીં.

અમારો જવાબ સ્વાભાવિકપણે જ C હતો! પરંતુ આપણા 'અંધેરીનગરી' જેવા બાવા આદમના સમયનાં કાયદાઓ તો બધાને એક જ લાકડીએ હાંકે!

કોઇને તિહાડ જેલમાં મૂકે તો કોઇને આર્થર જેલમાં મૂકે!

તેથી 'કૌન બનેગા કરોડપતિ'ના કોમ્પ્યુટરના જવાબમાં અમે ખોટા પડ્યા!

અમે ખોટા પડ્યા તેનું દુઃખ નથી પરંતુ દુઃખ એ વાતનું છે કે ગાંધારીને દુર્યોધનના દુષ્કૃત્યો કે દ્રૌપદીની નિર્દોષતા દેખાતા નથી કારણ કે ગાંધારીને આંખે પાટા બાંધ્યા છે! આંખે પાટા બાંધ્યા હોય પછી શું થાય!

આવા જરીપુરાણા કાયદાઓ બદલીને આંખના પાટા ખોલવાની તાતી જરૂર છે. પરંતુ તે બદલવાની સત્તા કાયદા ઘડનારી ઓથોરીટી સંસદને છે. પરંતુ સંસદ નામના મલ્ટીપ્લેક્સમાં અત્યારે તો 'કમાલ ધમાલ અને માલામાલ' ચાલે છે! સંસદની ચૂંટણી વખતે આવી પરિસ્થિતિ બદલવી પડશે. પરંતુ અત્યારે તો રાજ્યની ચૂંટણીના માહોલમાં બધા જ પક્ષો ચૂંટણી વચનોની લ્હાણી કરવામાં વ્યસ્ત છે!

વચનો આપવામાં શું જાય છે!!

કારણ કે વચનની સાથે એક ખૂણામાં ★ ★ કરેલ હશે જયાં ઝીણા અક્ષરે લખેલ હશે Condition Apply!

વચનોનાં SMS પણ ફરી રહ્યાં છે!

હમણાં જ અમને એક SMS મળ્યો છે -

'મંગળ પર ઘરનું ઘર જોઇએ છે?' -

ફોર્મ ભરવા લાંબી લાંબી લાઇનો લાગે છે! અને જો આ લાઇનને મંગળની દિશામાં લંબાવીએ તો છેવાડાનો માણસ કદાચ આજે જ મંગળ પર હોય!

(અનુસંધાન પાના નં. ૬ પર)